Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

मोक्षार्थिना प्रत्यहं ज्ञानवृद्धिः कार्या।

શ્રી જૈન ધર્મ પ્રકાશ

પુસ્તક ૮૨ મું
અંક ૧૨
૨૫ સપ્ટેમ્બર

આસો

વીર સં. ૨૪૯૨
વિ. સં. ૨૦૨૨
ઇ. સ. ૧૯૬૬

(૧૦૭) चरे पयाइं परिसंकमाणो, जं किंचि पासं इह मण्णमाणो ।
लाभन्तरे जीवियं बूहइत्ता, पच्छा परिन्नाय मलावधंसी ॥ ७ ॥

૧૦૭. આ જગતમાં જે કાંઈ ધન, સ્ત્રી, પુત્ર વા બીજી જે કાંઈ સુખની સાધન સામગ્રી છે, તે તમામને એક ફાંસા જેવી માની તેના તરફ ફૂંકી ફૂંકીને ડગ ભરવાં ઘટે. અર્થાત્ તે સચેતન વા અચેતન તમામ સામગ્રીનો સાધન તરીકે ઉપયોગ કરતાં બરાબર સાવધાન રહેવું ઘટે–ક્યાંય એ સામગ્રી પોતાને ફસાવી ન દે–લલચાવી ન પાડે એ જાતની સાવધાની રાખીને બીતાં બીતાં એ સામગ્રીનો ઉપયોગ કરવો ઘટે. જ્યાં સુધી શરીર સશક્ત હોય ત્યાં સુધી પોતાની ચિત્તશુદ્ધિની સાધનાના ખાસ લાભ માટે જ તેનો વધારેમાં વધારે ઉપયોગ કરવો ઘટે. અર્થાત્ ચિત્તશુદ્ધિની સાધના પૂરતું જ શરીરને સંભાળવું–સાચવવું કે બચાવવું ઘટે, પણ પછી જ્યારે એ શરીર પોતાની એ સાધનામાં ખપ આવે એવું ન જણાય–ઉલટું વિઘ્નકારી લાગે ત્યારે મેલની પેઠે તેનો ત્યાગ કરવો ઘટે.

—મહાવીર વાણી

પ્રગટકર્તા
શ્રી જૈન ધર્મ પ્રસારક સભા :: ભાવનગર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

श्री જૈન ધર્મ પ્રકાશ : : વર્ષ ૮૨ મું : : વાર્ષિક લવાજમ ૫-૨૫ પોસ્ટેજ સહિત

अनुक्रमणिका

૧	શ્રી વર્દ્ધમાન મહાવીર : મણુકો બીજો-લેખાંક : ૧૭	(સ્વ. મૌક્તિક)	૧૦૩
૨	જપ માટેના મંત્રો : ૪	(દીપચંદ જીવણલાલ શાહ)	૧૦૬
૩	સમયસુન્દરગણિકૃત સાત હરિયાળીઓ	(પ્રો. હીરાલાલ ર. કાપડિયા એમ. એ.)	૧૧૦
૪	શ્રી જૈન ધર્મ પ્રકાશ-પુસ્તક ૮૨ ની વાર્ષિક અનુક્રમણિકા	....	૧૧૩

શારદાપૂજન વિધિ

જૈન વિધિ પ્રમાણે વહીપૂજન કરો

જૈનવિધિ પ્રમાણે વહીપૂજન-શારદાપૂજન કરવું તે ફાયદાકારક છે. આ વિધિમાં પ્રાચીન શારદા સ્તોત્ર અર્થ સાથે છાપવામાં આવેલ છે. અનંતલબ્ધિનિધાન શ્રી ગૌતમસ્વામીના છંદો પણ સાથોસાથ આપવામાં આવેલ છે; તો દીપોત્સવી જેવા મંગળકારી દિવસોમાં આ માંગલિક વિધિ પ્રમાણે પૂજન કરવું તે અત્યંત લાભકારક છે. વાંચવી સુગમ પડે તે માટે ગુજરાતી ભાષામાં જ છાપવામાં આવી છે.

કિંમત : દશ પૈસા સો નકલના રૂા. ૧૦-૦૦

લખો—શ્રી જૈનધર્મ પ્રસારક સભા-ભાવનગર

આભાર

શ્રી ઊંઝા ફાર્મસી લિમિટેડના માલિક શેઠશ્રી ભોગીલાલભાઇ નગીનદાસ જેઓ આપણી સભાના લાઈફ મેમ્બર પણ છે, તેમના તરફથી દર વર્ષની માફક આ વર્ષે પણ વિ. સં. ૨૦૨૩ની સાલના કાર્તિકી પંચાંગ સભાના સભાસદ બંધુઓ તેમજ શ્રી જૈન ધર્મ પ્રકાશ માસિકના ગ્રાહક બંધુઓને ભેટ આપવા માટે મોકલવામાં આવેલ છે, જે આસો માસના અંક સાથે રવાના કરેલ છે. તેઓશ્રીની સભા પરત્વેની હાર્દિક લાગણી માટે આભાર વ્યક્ત કરીએ છીએ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રી જૈન ધર્મ પ્રકાશ

પુસ્તક ૮૨ મું અંક ૧૨	આસો	વીર સં. ૨૪૯૨ વિક્રમ સં. ૨૦૨૨

શ્રી વર્દ્ધમાન–મહાવીર

મણુકો ૨ જો :: લેખાંક : ૧૯

લેખક : સ્વ. મોતીચંદ ગિરધરલાલ કાપડિયા (મૌક્તિક)

સાધુને મહાવ્રતમાં સર્વ જીવોને કોઈપણ કારણે જીવિતવ્યથી દૂર ન કરવાનો નિયમ હોઇ વીશવસા દયા હોય છે ત્યારે શ્રાવકને સવાવસા એટલે સો ટકામાંથી સવાછ ટકા દયા જરૂર હોય છે અને બાકીના ટકા માટે જયણા હોય છે. ત્યાં પણ તે બને ત્યાં સુધી તો જીવહિંસાથી દૂર રહે છે, પણ કદાચ સંયોગોને લઇને એ હિંસા કરી બેસે તો તેના શ્રાવકપણામાં વાંધો આવતો નથી. એ તો નિરંતર ઉપયોગના ચિંતનમાં જ પ્રવૃત્તિ કરે છે અને સદૈવ જાગ્રત હોય છે એટલે સવા વસા ઉપરાંતના જીવોની દયા પાળવામાં અને બાકીના જીવોને બચાવી લેવા તે યોગ્ય પ્રયત્ન તો જરૂર જ કરે છે. એનું જીવન ધાર્મિક હોઈ તે ખૂબ ઉપયોગ રાખી ચિંતવન કરી વર્તે છે અને માંસ ભક્ષણનો તો સર્વથા ત્યાગ કરે છે. એ કોઈ જીવને મારતો નથી, કોઈ પાસે મરાવતો નથી અને માંસભક્ષણ કે એવા મત્સ્યાદિ માછલાના આહારથી સર્વથા દૂર રહે છે. અને વિના કારણ એકેંદ્રિય જીવોને પણ બચાવી લે છે. એને મન પ્રાણીને જીવન આપવું તે મોટું કર્તવ્ય લાગે છે અને પ્રાણીને મારવાથી દૂર રહી એને અભયદાન આપવા ઉપરાંત એ બને ત્યાંસુધી કોઇની લાગણી પણ દુભવતો નથી. એ સમજે છે કે કોઇની લાગણી દુખવવી એ પણ એક જાતનો પ્રાણ નાશજ છે અને તેથી તે લાગણી દુભવવાના કાર્યથી પણ દૂર રહે છે. એની અહિંસા સાર્વત્રિક છે અને તેને તે અનુસરવામાં પોતાનો ધર્મ સમજે છે અને કદાચ પોતાનો ભોગ આપવો પડે તો તે પણ આપીને હિંસાના કાર્યથી મર્યાદાની બહાર પણ દૂર રહે છે. એ શાખ ખાય, પણ કંદમૂળ ભક્ષણથી દૂર રહે છે અને એ ડુંગળી, લસણ કે કાંદાને કે કોઈ જાતનાં કંદને ખાતો નથી અને તે ખાવાને માટે બીજાને પ્રેરણા પણ આપતો નથી. આવી રીતે મર્યાદાની અંદર તો એ કદી હિંસા કરતો જ નથી, પણ મર્યાદા બહારની બાબતમાં એ ચિંતવન કરી જ્યાંસુધી બને ત્યાંસુધી હિંસાનો ત્યાગ કરે છે અને તેવી રીતનું પ્રથમ વ્રત મહાવીરે દીપાવ્યું એ જાણે છે કે હિંસાના બે બે પ્રકારે આઠ વિભાગ પડે છે. તેમાં દ્રવ્ય હિંસા અને ભાવ હિંસાનો એક પ્રકાર છે. દ્રવ્યથી એ કોઇ પ્રાણીને ઇરાદાપૂર્વક સંકલ્પીને તે નિરપરાધી હોય તો મારે નહિ અને ભાવ-હિંસામાં તેની લાગણીને કોઇ પ્રકારે વિના કારણ દુહવે નહિ. અથવા દયાના બીજી રીતે બે વિભાગ પડી શકે છે. સ્વરૂપ દયા અને અનુબંધ દયા. આમાં વિચારણાનો વિષય વધારે રહે છે. દેખાવમાં દયા અને ઇરાદાપૂર્વકની દયા. એ બન્નેમાં ઘણો તફાવત છે. દેખાવમાં દયા હોય, છતાં તે વસ્તુતઃ દયા જ ન હોય. વકીલ કે માબાપ છોકરા પર ગુસ્સે થાય તે તેના હિત ખાતર હોય છે અને દેખાવમાં તે તેને મારે કૂટે કે તેના પર ગુસ્સે થાય તે તેના લાભ ખાતર હોય છે, તેથી સ્વરૂપમાં દેખાતી હિંસા અને છોકરાની થતી મારકૂટ અંતે તેના લાભ માટે હોય છે અને અનુબંધમાં તે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

દયા જ છે અથવા હોય છે. આ વિભાગ દયાને અંગે ખાસ વિચારવા યોગ્ય છે. કેટલીકવાર દેખાવની દયા હિંસા તરીકે, પરિણમે છે તે વિચારણા આ બે વિભાગમાં થાય છે. અને ત્રીજો વિભાગ વ્યવહાર-દયા અને નિશ્ચય દયાનો આવે છે આમાં વ્યવહારથી દયા હોય, છતાં નિશ્ચયથી દયા ન હોય તે પ્રાણીના સંયોગો પર આધાર રાખે છે. વસ્તુતઃ દયા છે કે નહિ, દેખાવ માત્ર હોય તે વિચારણા અહીં થાય છે. લોકવ્યવહાર જાળવવા પણ કેટલીકવાર દયા પળાય છે તે વ્યવહાર દયા છે. અને ચોથા દ્વંદ્વમાં સામાન્ય દયા અને વિશેષ દયાના સ્વરૂપની વિચારણા થાય છે. સામાન્યમાં સાધારણ રીતનો અર્થ છે અને વિશેષમાં ખાસિયત હોય છે. ખાસ દયા તે જુદો જ વર્ગ છે એ સમજી લેવું. પણ પ્રાણી જીવ લઈ શકે છે, પણ જીવિતવ્ય આપી શકતો નથી, તેથી વિના કારણ અન્ય કોઈ પણ પ્રાણીનો તેનો જીવ લેવાનો અધિકાર નથી. આ રીતની અતિ સૂક્ષ્મ વિચારણા મહાવીરે દયાને અંગે કરી હતી તેમણે અહિંસાને ખૂબ મહત્વનું સ્થાન આપ્યું અને 'અહિંસા પરમો ધર્મઃ'ની સ્થાપના કરી અને તે પ્રકારનું જીવન જીવ્યા. તેમના આખા જીવનનો અભ્યાસ અને અધ્યાસ આ અહિંસા ધર્મના કેંદ્ર ઉપર રચાયલો હતો અને બીજા સર્વ ધર્મો આ અહિંસા ઉપર રચાયલા છે અથવા તેનો બચાવ કરવા અને તેનું રક્ષણ કરવા માટે છે તે તેમનું જીવન હતું અને પછવાડેના સમયમાં તે તેમનું શિક્ષણ હતું. તેમણે સમજણપૂર્વક અહિંસા ઉપર ખૂબ ભાર મૂક્યો અને તેનો પ્રચાર કરવામાં પોતાના જીવનનું સાફલ્ય માન્યું. પ્રથમ અનુવ્રતની મહત્તા તેમણે ખૂબ વધારી અને પ્રાણવ્યપરોપણની વાતને અંગે પોતાનું એક ધ્યાન સારી રીતે તે ચાલુ જીવનમાં તથા ત્યારપછી પણ સાધુ જીવનમાં આપ્યું. એને એટલી હદ સુધી મહત્તા આપવામાં આવી કે અન્યના પ્રાણ ન લેવાની અહિંસાને તેમણે કેંદ્ર સ્થાન આપ્યું અને બાકીના બીજા ધર્મોને ધરી સ્થાનકે મૂક્યા અથવા આ અહિંસા પાલનની વાતના બચાવ માટે જ બાકીના સર્વ ત્યાગો અને નિયમો છે એમ બતાવ્યું અને સર્વ પ્રકારના ત્યાગમાં અહિંસાને પ્રાધાન્ય આપ્યું. તે યુગમાં ધર્મને નામે યજ્ઞ યાગાદિમાં પણ એટલી જ હિંસા થતી હતી કે હિંસા તો સર્વ કામમાં હિંસા જ છે અને સર્વથી વધારે વહાલી ચીજ પોતાના પ્રાણની રક્ષા છે અને પ્રાણી તે રક્ષા ગમે તે ભોગે કરે છે એ વાત શીખવી ધર્મને નામે થતી હિંસાને પણ તેમણે અટકાવી દીધી. આ વાતમાં શું મહત્વ છે અને આખા ભારતવર્ષમાં ધર્મને નામે લોહીની નદીઓ કેવી રીતે ચાલી હતી તે તો તે વખતનો ઇતિહાસ વાંચવાથી સમજાઈ જાય તેવું છે અને એક રીતે એમ કહેવાય છે કે, 'શિવાજી ન હોત તો સુન્નત હોત સબકી.' એટલા બધા લોકોને મુસ્લીમ થતાં એક શિવાજીએ અટકાવી દીધા, તે જ પ્રમાણે એમ કહી શકાય તેમ છે કે જૈન અને બૌધ્ધે એ હિંદને હિંસામય-લોહી લોહાણ થતું અટકાવ્યું અને અહિંસાને તેના વિશુદ્ધ આકારમાં બતાવી આપી. અત્યારે ગુજરાત-સૌરાષ્ટ્ર તદ્દન અન્ન ફળ-શાકાહારી છે જ્યારે બંગાળીના બ્રાહ્મણો પણ મચ્છી માંસ ખાય છે તેનું કારણ જૈન ધર્મની અસર છે અને એવી અસરને અનુરૂપ તેઓનો ઉપદેશ હતો. આ પ્રમાણે બાર વ્રતો પૈકી પ્રથમ અનુવ્રત પ્રાણાતિપાત વિરમણની વાત છે. એ પ્રથમ વ્રતને તેઓ એટલી હદ સુધી લઈ ગયા કે જ્યારે તે વ્રતને મહાવ્રતને ફેરવી નાખવામાં આવે ત્યારે પોતાને તે વાત સહજ થઇ જાય અને જરા પણ મુશ્કેલી ન લાગે. આવું લગભગ મહાવ્રતની લગભગ ઊભું રહે તેવું પ્રથમ અહિંસાવ્રત પાળ્યું અને ઊંચા પ્રકારનો તેનો પરિચય કરીને સારામાં સારો દાખલો પાડ્યો. ઘણીવાર માણસો અહિંસા પાળવામાં દેખાવ કે ધાંધલ બહુ કરે છે. મહાવીરના જીવનમાં એવું કાંઇ હતું નહિ. એ તો બીજા વ્રતો પાળવાને અંગે આ વ્રતને બહુ સૂક્ષ્મ રીતે તેઓ ઉપયોગ કરતા અને એ રીતે અહિંસાનું કે જીવદયાનું પાલન કરતા હતા. બીજા વ્રતને અંગે તેઓ અસત્ય બોલતા નહોતા. એકલું સત્ય જ બોલવું એટલું નહિ, પણ સત્ય પ્રિય, હિત, મિત અને તથ્ય બોલવું એવું

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

એમણે આચરણ રાખ્યું હતું. એટલે વાત જેવી હોય તેવી સાચે સાચે જ બોલવા ઉપરાંત સાચાને વહાલું લાગે એવું જ તેઓ બોલતા હતા. સાચું નગ્ન સત્ય ઘણા માણસોને એના એ આકારમાં ગમતું નથી, સાચું બોલનાર અપ્રિય થઇ પડે છે, પણ મહાવીર સ્વામી તે, પોતાના વ્યવહારમાં સત્યની સાથે પ્રિયતાને જાળવતા હતા. એમના સત્યમાં સામાને ગમવાપણાનું તત્ત્વ સવિશેષ હતું અને તેથી આખી પ્રજાના તેઓ વહાલા થઇ ગયા હતા અને વર્ધમાનકુમાર અમુક વાત બોલ્યા એટલે એને તો પ્રભુના અક્ષર તુલ્ય ગણી લોકો તેને અનુસરતા હતા. અને વધારે વિચાર કરતાં વાત તેમજ હોય એમ તેઓને લાગતું હતું રાજદ્વારી અનેક ગૂંચવણો હતી અને કરવેરા પણ ભાતભાતના પડતા હતા, પણ વર્ધમાનકુમારે તે પસંદ કર્યા છે એટલી વાત થતાં તથા એવો રિપોર્ટ આવતા તે વાત બેસી જતી અને જડએ સલાક થતી હતી. અને બોલતી વખતે સામાને સારું લાગે તેવું સત્ય બોલતા હતા એટલુ જ નહિ પણ સામાનું હિત નજરમાં રાખીને જ તેઓ તેમાં તેનું ભવિષ્યમાં એકંદરે હિત થાય તે નજરમાં રાખી તેઓ બોલતા હતા. વ્યવહારમાં તો બોલવું જ પડે, અનેકવાર બોલવું પડે પણ સત્ય જ્યારે હિતકારી અને લોકપ્રિય હોય ત્યારે બોલનારનો મહિમા વધે છે અને લોકો તેનો સ્વીકાર લાંબો વિચાર કર્યા વગર પછી કરે છે. અને મહાવીર વર્દ્ધમાન તો જ્યારે ત્યારે બોલતા જ નહોતા અત્યારે જેમ તારમાં શબ્દો ઓછા થાય તો વધારે સારું, એવી રીતે તેઓ માપી માપીને જરૂર હોય તેટલું જ બોલતા હતા. આથી તેઓ અત્યારના પ્રધાનો માફક જ્યારે ત્યારે બોલતા હતા નહિ, પણ જરૂર હોય અને પોતાની ફરજ હોય તો પોતાના ખાતાની બહુ થોડા શબ્દોમાં જરૂર જોગી વાત કરતા હતા. આથી તેઓ દરેક પ્રકારે વહાલા લાગતા હતા. અને વહિવટદાર તરીકે ખૂબ લોકપ્રિય થઇ પડ્યા હતા અને સર્વથી અગત્યની વાત તેઓ જે વાત જે પ્રકારની હોય તેવી તે આકારમાં કહેતા હતા. તેઓના શબ્દોના દ્વિ અર્થ થતા નહોતા. અને તેમને એકવાર બોલેલી વાતનો વિશેષ ખુલાસો કે વર્ણનો કરવા પડતા નહોતા. આ તેમની ભાષાની ખૂબી હતી. તેઓ ટુંકામાં સત્ય, પ્રિય, હિત, મિત અને તથ્ય બોલવાનું ચૂકતા નહિ અને અત્યારના પ્રધાનવર્ગની જેમ વારંવાર ખુલાસા કરતા નહિ કે પોતે તેવુ બોલ્યા જ નથી એવો ખુલાસો નહિ. કારણ કે ઘણું ઓછું બોલનાર તરીકે તેમણે નામના કરી હતી અને આ પાંચે નિયમને વળગી રહીને બોલનાર તે ખાનગી આસામી હોય કે રાજદ્વારી માણસ હોય તેને કદી ખુલાસા કરવા પડતા નથી. કે વિરોધ કરવો પડતો નથી. અત્યારે ઘણું બોલાય છે, દરેક પ્રધાન પોતાની બોલવાની ફરજ સમજે છે અને અપ્રિય થાય છે, તેમણે આ વર્ધમાનકુમારની રીતને અનુકરણ કરવા યોગ્ય છે.

આ પાંચ વિશેષણ યુક્ત જે બોલી બોલે તે વિના કારણ કોઈ વાતે દુઃખી ન થાય, એ નિયમ વ્યવહારનો છે અને બહુ હિત કરનાર છે. એ નિયમ તો મહાવીરને હૃદયમાં વસી ગયે. હતો તેથી તેઓ તોળી તોળીને પ્રજાના હિતને નજરમાં રાખીને પ્રિય થઇ પડે તેવું અને તેટલું જ બોલતા હતા. એટલું જ નહિ પણ પાંચ મોટકાં જૂઠ્ઠ એટલે પાંચ બાબતનું જૂઠાણું તો કદી બોલતા જ નહિ. તે પાંચ બાબત આ રહી: કન્યા—કુમારી છોકરી સંબંધી, ભૂમિ સંબંધી, જનાવર સંબંધી અને જૂઠી સાક્ષી અને ખોટા ખતપત્ર ન્યાયાસન નજીક આપવાની બાબત તેઓ જરા પણ ભળતું બોલાઈ ન જાય, તેની સંભાળ રાખતા હતા. અને ગૃહસ્થ તરીકે ન્યાયાસન આગળ તો તેઓ કદી જૂઠી સાક્ષી પૂરતા જ નહિ. ખાસ કરીને પાંચ મોટકાં જૂઠ્ઠા ન બોલાઇ જાય તેની તેઓ ખાસ સંભાળ રાખતા હતા. આ પાંચ મોટાં જૂઠ્ઠાંનો પ્રસંગ આ વખતે વિચારી લઇએ એ પ્રસ્તુત છે. કુમારી કન્યા સારી છે, રૂપાળી છે, વળી વધારે રૂપાળી થશે એવું સારા સારા માણસો પણ વેવિશાળ કરવાને અંગે બોલે છે તેવું કાંઇ

For Private And Personal Use Only

જપ માટેના મંત્રો

(૪)

—દીપચંદ જીવણલાલ શાહ

જપનું વિજ્ઞાન (જપનું ગૂઢ રહસ્ય)

તત્ત્વજ્ઞાનીઓએ જણાવ્યું છે કે હવા, પાણી, ખોરાક અને સૂર્યના પ્રકાશમાં પ્રાણ-જીવનશક્તિ-ચૈતન્ય ભરેલાં છે અને તેથી મનુષ્યોને ચેતનશક્તિ મળે છે. આ બધામાં જે શક્તિ છે તે પ્રાણને લીધે છે અને પ્રાણ આ બધામાંથી છૂટો પાડી શકાતો નથી. પણ આ બધામાંથી પ્રાણને ખેંચી લેવાની અને તેનો ઉપયોગ કરવાની શક્તિ મનુષ્યોમાં છે. બીજા બધામાંથી પ્રાણ મનુષ્યો મેળવે છે તેના કરતાં શુદ્ધ હવામાંથી મનુષ્યો વધારે પ્રાણ મેળવે છે અને આ પ્રાણનો મનુષ્યો મગજમાં અને જ્ઞાનતંતુઓમાં સંગ્રહ કરે છે. અને જ્યારે જરૂર પડે ત્યારે તેનો ઉપયોગ કરે છે. યોગીઓ દર્દીઓને પોતાની હાજરીથી હાથ ફેરવીને શબ્દોથી કે ફુંક વગેરેથી પૂરતો પ્રાણ અર્પી તેમને સાજા કરે છે. પ્રાણ મગજમાં અને જ્ઞાનતંતુઓમાં પુરતા પ્રમાણમાં હોય છે ત્યારે મનુષ્યોમાં તાકાત, ઉત્સાહ, સ્ફૂર્તિ વગેરે જોવામાં આવે છે.

શરીરની ક્રિયાઓમાં જેમ પ્રાણની જરૂર છે તેમ શુદ્ધ વિચાર લાવવા, હોંશથી કામ કરવા સાત્વિક વૃત્તિ કેળવવામાં પણ પૂરતા પ્રાણની જરૂર છે.

જ્ઞાન તંતુઓની ગ્રંથિઓ મસ્તકમાં બે આંખો વચ્ચે, ડોકમાં, છાતીમાં, નાભિ વગેરેમાં છે. નાભિમાં રહેલી ગ્રંથિને Solar Plexus (મણિપુર ચક્ર) કહે છે. અને તે પ્રાણ સંઘરે છે. આ મણિપુર ચક્રવાળી જગ્યાએ પાટુ મારવામાં આવે તો મનુષ્ય બેભાન બને છે અથવા તેનું મૃત્યુ થાય છે.

પ્રાણના સ્થાન નાડીમાં છે. મસ્તક અને કરોડરજ્જુ પ્રાણના ભંડાર છે. બ્રહ્મરંધ્ર અને હૃદય પ્રાણના આશ્રય સ્થાન છે.

માનસિક રોગને આધિ કહે છે. તે વખતે મન, બુદ્ધિ અથવા અંતઃકરણમાં વિકાર ઉત્પન્ન થાય છે અને પ્રાણની ગતિ અવ્યવસ્થિત થાય છે.

ચંચળ મનમાં કોઈ શક્તિ નથી; જ્યારે ચંચળ મન સ્થિર થાય છે ત્યારે તે પોતાનું સામર્થ્ય બતાવે છે. એકાગ્ર મનમાં ઘણી શક્તિ હોય છે. જપથી ચંચળ મન એકાગ્ર અને શાંત થાય છે.

રોગ પર મનની સંપૂર્ણ સત્તા છે, મન શરીરની રક્ષા કરે છે અને મન શરીરનો નાશ કરે છે. રોગ મનમાં છે, રોગનું કારણ મનમાં છે, મનમાં શરીરને તંદુરસ્ત કરવાની શક્તિ છે; માટે મન પર કાબૂ મેળવવાની ખાસ જરૂર છે.

શ્રી વર્દ્ધમાન-મહાવીર (પેજ ૧૦૫ થી શરૂ)

ભોળાઈ ન જાય અને પરણનારને આખી જિંદગી સુધી પસ્તાવું ન પડે તેની તેઓ ખાસ સંભાળ રાખતા હતા. બીજું તે યુગમાં જનાવર-ભેંસ, ગાય કે ગાડર સંબંધી કાંઈ બોલવું ઘણું મહત્વનું ગણાતું, કારણ કે લોકોની પુંજી આ જનાવરની સંખ્યામાં ગણાતી અને તેનો ક્રય વિક્રયને અંગે લોકો પોતાના જનાવરના માટે ગમે તેવું ભળતું બોલતા અને પોતાના જનાવરના વખાણ કરતા. તેથી જનાવર સંબંધી ખોટી વાત કરવી તેને રસ્તુ મોટું જૂઠું ગણવામાં આવતું હતું. આ રીતે કન્યા સંબંધી અને જનાવર સબંધી મોટાં બે પ્રકારના જૂઠાણાં થયાં તે મહાવીર કદી બોલ્યા નહિ. તે તો ચોખ્ખી જે હોય તેવી વાત કરતા અને ખરીદનારને પસંદ ન પડે તેવી વાત હોય તો મૌન જ રહેતા હતા. આપણે આવતા પ્રકરણમાં બાકીનાં જૂઠાણાં જોઈશું.

(ક્રમશઃ)

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ભય, ચિંતા, ક્રોધ વખતે પ્રાણનો પ્રવાહ વ્યવસ્થિત રીતે શરીરમાં વહેતો નથી તેથી તે પ્રવાહને વ્યવસ્થિત રીતે વહેવા માટે મનને શાંત કરવાની જરૂર છે. તે વખતે ઠંડા પાણીથી ન્હાઇને અમુક સમય સુધી ખુલ્લી હવામાં નાડીના ધબકારા ધ્યાનમાં રાખીને એટલે કે છ ધબકારાએ મંત્રનું એક જ પદ બોલીને મન એકાગ્ર અને શાંત થાય છે અને પ્રાણનો પ્રવાહ વ્યવસ્થિત રીતે શરીરમાં વહે છે અને ઉદ્વેગપણું બેચેની વગેરે દૂર થાય છે.

સામાન્ય મનુષ્ય માટે જપ તેના જીવનના વિકાસ માટે સરળ અને નિર્દોષ સાધન છે. માનસિક જપ ઉત્તમ છે પરંતુ સાધક શરૂઆતમાં મનથી જપ કરી શકતો નથી કારણકે તે સમયે તેનું મન સંકલ્પ વિકલ્પોથી ભરેલું છે; તેથી સાધકે શરૂઆતમાં વાચિક જપ કરવો જોઇએ પછી ઉપાંસુ અને ત્યારપછી માનસિક જપ કરવો જોઇએ. અનેક પ્રકારના આઘાત પ્રત્યાઘાતને લીધે મનુષ્યના શરીરના જ્ઞાન તંતુઓમાં કંપ ઉત્પન્ન થાય છે. વળી આ કંપના પ્રકારો જુદા જુદા હોય છે; તેથી કામ, ક્રોધ, લોભ વગેરે સંવેદનો ઉત્પન્ન થાય છે અને જ્ઞાનતંતુઓની કાર્યક્ષમતા ઘટે છે. જપથી જ્ઞાનતંતુઓ પ્રાણવાન બને છે અને શાંત થાય છે અને મનના સંકલ્પ વિકલ્પો ઘટે છે.

માણસનું ચિત્ત કે મન સંસારના વિષય તરફ દોડ્યા કરતું હોય છે. ચિત્ એટલે જાણવું. જે જાણે છે તે ચેતન અથવા આત્મા છે. આત્મા જેનાવડે જાણે છે તેને ચિત્ત કહે છે અને જેનાવડે મનન કરે છે તેને મન કહે છે. મન ચિત્તનો પર્યાય છે. મન જાગૃત (Conscious) તેમજ અજાગૃત (Subconscious) એમ બે પ્રકારનું છે.

મનને કેટલાક અંતઃકરણ કહે છે. અંતઃકરણ એટલે જ્ઞાનેંદ્રિય. મનુષ્યના ચિત્તની શક્તિઓ મન, અહં, શ્રદ્ધા, બુદ્ધિ, વૃત્તિઓ છે. હું આવો છું, હું આટલી શક્તિવાળો છું, આ સ્ફૂરણ અહંને લીધે ઉત્પન્ન થાય છે. મનુષ્યના ચિત્તના વિકાસ પ્રમાણે તે મનુષ્યનો અહં હોય છે. જપ અંતઃકરણ, મન અને અહંને શુદ્ધ કરવા મદદરૂપ છે.

માણસનું ચિત્ત દરરોજ પાંચ કામ કરતું હોય છે. પ્રથમ એક થવાનું કામ. ચિત્ત કોઈ વિષય સાથે એક થયેલું હોય છે કારણકે તે વખતે ચિત્ત તે વિષય સંબંધી વિચાર કરતું હોય છે. આ એક થવાની ચિત્તની ક્રિયામાંથી શ્રદ્ધાનો જન્મ થાય છે. બીજી શક્તિ જોવાની. માણસનું ચિત્ત જેવું તે જુએ છે તેવું તે બને છે અને જે જોઇને તેના ચિત્તમાં નિર્ણય ઉત્પન્ન થાય છે તે જોવાની શક્તિને બુદ્ધિ કહે છે. માણસની નિર્ણયશક્તિ (બુદ્ધિ) પર તેના વિકાસનો આધાર છે. ત્રીજી શક્તિને વૃત્તિ કહે છે. વૃત્તિ ચિત્તની અંદર હોય છે ત્યાંસુધી તે વિચારાદિ કર્યા કરે છે. વૃત્તિ ચિત્તમાં દરરોજ ખળભળાટ મચાવ્યા કરે છે. ચિત્તની ચોથી શક્તિ સ્મરણ છે અને પાંચમી શક્તિ કલ્પના છે. મન હંમેશ કાંઈ સ્મરણ અને કલ્પના કરતું હોય છે. આ પાંચ શક્તિઓને શુદ્ધ કરવાનું કાર્ય જપ કરે છે.

વૃત્તિઓને જરા વધારે સમજવાની જરૂર છે. પશ્ચિમનું મનોવિજ્ઞાન કહે છે કે વૃત્તિ અજાગૃત (સુપ્ત) મનમાંથી બહાર નીકળે છે માનવમનના નવ ભાગ અજાગૃત છે અને તે બહુ શક્તિશાળી છે તેથી મનુષ્ય વૃત્તિના વેગને સમજ્યા વગર તેમાં તણાયે જાય છે અને જીવનમાં ભૂલો કરે છે. આ સુપ્ત મનમાં મનુષ્યની દબાયેલી ઈચ્છાઓ હોય છે એમ પશ્ચિમના વિજ્ઞાનશાસ્ત્રીઓ માને છે. આ સુપ્ત ચિત્ત (મન) ચેતનામય છે, એ જાગૃત થવા યત્ન કરતું હોય છે. સુપ્ત અવસ્થામાંથી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

જાગૃત અવસ્થામાં આવવા એ જે ઉછાળા મારે છે તે જ વૃત્તિઓ છે. વૃત્તિઓના વમળથી કંટાળેલો અને ત્રાસેલો માનવ સાચો આનંદ શોધવા યત્ન કરે છે. જપ આ સાચા આનંદને શોધવામાં મદદ કરે છે આ વૃત્તિઓને ઉર્ધ્વ-ગામી બનાવવી એ કાંઈ સહેલું કાર્ય નથી કારણકે જ્યાંસુધી માનવનો અહં વિકસિત અને શુદ્ધ થયો નથી ત્યાંસુધી વૃત્તિઓની શુદ્ધિના કાર્યમાં અંતરાયો રહે છે. જપ અહંને વિકસિત અને શુદ્ધ થવાનાં કાર્યમાં મદદ કરે છે.

અજાગૃત મન શરૂઆતમાં વૃત્તિઓ મારફત જાગૃત અવસ્થામાં પ્રગટ થાય છે તે વખતે તેને તપાસવાની શક્તિ મનુષ્યમાં રહેતી નથી. ઘણીવાર મનની વૃત્તિઓ મનુષ્યને ખેંચી જાય પછી ખબર પડે છે કે તે અમુક વૃત્તિમાં સપડાયો છે પણ વૃત્તિ ઉત્પન્ન થાય કે તરત જ તે લક્ષમાં આવી જાય તો તેને સન્માર્ગે વાળી શકાય. આ કાર્ય કરવામાં જપ ઉપયોગી છે. કારણ કે જપને લીધે ચૈતન્ય (આત્મા)નો જાગૃતિ અંશ (વિવેક) મનુષ્યમાં ધીમે ધીમે વધે છે. બાહ્ય વિષયો તરફ જવું તે વૃત્તિઓનું કુદરતી વલણ છે; કારણકે વૃત્તિ વિષયોથી સંતોષાય છે એવો મન પર સંસ્કાર હોય છે. ધનિક માણસ ખરેખર ભિખારી છે કારણકે તે વૃત્તિઓનો ગુલામ છે અને તે વૃત્તિઓ બાહ્ય વિષયો પર સંતોષ માટે ફાંફા મારે છે. પણ સંત અકિંચન હોવા છતાં મસ્ત હોય છે કારણકે વૃત્તિઓના સંતાપનું કારણ બહાર નથી પણ અંદર છે એમ સંતો માને છે.

જપથી આત્મામાં શ્રદ્ધા ઉત્પન્ન થાય છે. શ્રદ્ધાથી આંતરિક જાગૃતિ અને એકાગ્રતા વગેરે વધે છે અને પછી આત્મ સૂઝ (પ્રજ્ઞા) ઉત્પન્ન થાય છે.

જપમાં સામાન્ય બે રીતનો ઉપયોગ થાય છે (૧) મંત્રની અર્થ સાથે જપ કરવાની રીત (૨) મૂર્તિ સાથે એકતા સાધીને જપ કરવાની રીત.

જપ એટલે અમુક મંત્રનું બોલવું; જપ મોટેથી બોલવાથી મનુષ્યના શરીરમાં રહેલા પ્રાણશરીર, મનોમયશરીર અને સૂક્ષ્મશરીર પર તેના આંદોલનોની અસર થાય છે. ૐ બોલતાં-ૐ અક્ષરે શ્વાસ લેવો અને મ્ બોલતાં શ્વાસ બહાર કાઢવો सोऽहम्—सो અક્ષર બોલતાં શ્વાસ લેવો અને अहम् બોલતાં શ્વાસ બહાર કાઢવો.

જપને રટણ કરવાથી જપની શક્તિ ઉત્પન્ન થાય છે. સામાન્ય ભસ્મને ખૂબ ઘૂંટવાથી અસરકારક બને છે. હોમિઓપેથીમાં દવાને ખૂબ ઘૂંટી ઘૂંટીને ભારે શક્તિશાળી બનાવવામાં આવે છે ખોરાકને સારી રીતે ચાવવાથી ખોરાક ગળ્યો લાગે છે અને પચી જાય છે. જપ પણ આંતરિક જીવનનો ખોરાક છે. જપને ગણવાથી આત્મામાં સ્થિર થવાય છે તેથી મન એકાગ્ર અને શાંત થાય છે.

જ્યારે મનુષ્ય રાત્રિએ તારાથી સુશોભિત આકાશ તરફ નજર નાંખે છે, અનંત સાગરના પાણી પર નજર નાંખે છે, દૂરના બરફથી છવાયેલ પર્વતોની શ્રેણી પર નજર નાંખે છે અથવા ગાઢ વનરાજી તરફ નજર નાંખે છે ત્યારે મન શાંત થાય છે. તેવી રીતે જપ જો ચૈતન્ય (આત્માના) અનંત સ્વરૂપ પર કેન્દ્રિત કરવામાં આવે તો મનને વિષયોમાંથી શિથીલ (શાંત) કરવું સહેલું બને છે.

જપથી અહંભાવને સ્થાને ૐ ભાવ ઉત્પન્ન કરવાનો છે. સંકુચિત અહંકારની જગ્યાએ વિશ્વવ્યાપક ચેતના સ્થાપવાની છે. માણસને માટે એક જ પગલું ભરવાનું બાકી છે પણ આ પગલું વિરાટનું પગલું છે. જપમાં એવી શક્તિ છે કે જે વામનને વિરાટ બનાવે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

તેથી ચૈતન્ય(આત્મા)ની સતત્ રટણ કરનાર જપ મહાફળદાયી છે.

માણસને મૂર્તિ વગર ચાલતું નથી કારણકે પોતે જ એક આકૃતિ છે. એનું મન હંમેશાં કોઈ કોઈ વિકલ્પોના રૂપ ઉત્પન્ન કરે છે તેથી મનુષ્યને પરમાત્માનું સ્મરણ કરવામાં તેનું સુંદર રૂપ કે મૂર્તિ મદદ રૂપ થાય છે; માટે મનુષ્યો જપ કરતી વખતે પરમાત્માની મૂર્તિ અથવા ફોટો રાખે છે.

જ્યાં સુધી મનુષ્યનો અહં વિકસિત થયેલ નથી ત્યાં સુધી માણસની વૃત્તિઓ બહિર્મુખ થવાની એટલે કે બહારની વસ્તુઓમાં માણસ આનંદ શોધશે અને ત્યાં સુધી વૃત્તિઓની શુદ્ધિના કાર્યમાં અંતરાય રહેશે.

મનુષ્ય શરૂઆતમાં આત્માની ઝાંખી કરી શકતો નથી પણ જેમ જેમ તેનું જીવન જપ-મય બનતું જાય છે તેમ તેમ તેનામાં મૂળભૂત પ્રેરણાઓની અનુભૂતિ થવા લાગે છે અને મનુષ્યને સમજાય છે કે મારો આત્મા મારા દેહ(શરીર)થી જુદો છે.

વિષયો સંબંધી સર્વ વિચારોને દૂર કરીને એક જ આત્મા સંબંધી વિચારને વળગી રહેવું તેને જપ કહે છે. જપથી ધ્યાન થાય છે અને ધ્યાનથી આત્મજ્ઞાન થાય છે.

આત્મવિચાર એટલે હું કોણની શોધ. આત્મવિચારનો મૂળ આશય મનને તેના મૂળ સ્થાન(આત્મા)માં એકાગ્ર કરવાનો છે.

મનને હૃદયની અંદર એટલે આત્મ સ્વરૂપમાં સ્થિર કરવું તેને આત્મવિચાર કહે છે. આત્મા સત્ચિદાનંદમય છે. આત્મા છે. (એટલે કે આત્મા દેહ નથી) આત્મા જ્ઞાનમય છે અને આત્મા આનંદમય છે. આત્મવિચારણા એટલે આત્મા સમ્યક્ જ્ઞાન દર્શન અને ચારિત્ર-મય છે. આત્મા સંપૂર્ણ રીતે નિર્મળ (કર્મ-રહિત) છે.

મંત્રનું કામ માણસની આંતર ચેતનામાં કંપનો પેદા કરવાનું છે જેથી જપને લીધે મંત્રની અર્થ ભાવના હૃદયમાં ઉતરે. કેવળ જપમાં શ્રદ્ધાને લીધે મંત્ર જપ થતો હોય ત્યાં ઘણી-વાર મન પર તાણ ઉત્પન્ન થાય છે અને મન પર કંટાળા અને થાકની અસર જોવામાં આવે છે જપને શ્રદ્ધા સહિત જ્ઞાનપૂર્વક કરવાનો છે.

મંત્ર કેવળ વાણીનો ઉચ્ચાર નથી પણ એક વિચાર બળ અથવા વિચારનું આંદોલન છે. મંત્રની પાછળનું રહસ્ય સમજ્યા વિનાનો મંત્ર ફોગટ છે. તેનો અર્થ સમજીને ધીમે ધીમે બોલતાં તે શબ્દ એક શક્તિ ઉત્પન્ન કરે છે. આ વિચારશક્તિના બળવડે માણસ ઘણું કરી શકે તેમ છે; પરંતુ એને ખીલવવા અને બળવાન કરવા વિચાર શક્તિના મૂળ (આત્મા)-નો આશરો લેવો જરૂરનો છે. મન પરમાત્માનું ધ્યાન ધરે, તેનો જ મંત્ર જપે તો મન પર-માત્મા રૂપ બને અને તેના જેવું શુદ્ધ અને શક્તિવાન બને. મનનો સ્વભાવ એવો છે કે જે વિષયને ગ્રહણ કરે તેવું તે બને છે. શબ્દ અને અર્થ બન્ને જુદા નથી. શબ્દ સ્થૂળ વાણીનું કંપન ઉત્પન્ન કરે છે તેથી વિચારનું કંપન પેદા થાય છે; માટે મંત્રની ખરી શક્તિ તેના વિચાર અને અર્થમાં છે. જપ સાધકની ચેતનાને જગાડે છે. મંત્રશક્તિ માણસની ચેતનાની સાથે તેના સારા સંસ્કારોને જગાડે છે વૃત્તિ-જ્ઞાન પૂરતું નથી પણ વૃત્તિ જય જોઇએ. વૃત્તિ જય માટે ઇચ્છાશક્તિ જોઈએ. જપની ચાવી લગાડતાં માણસમાં વૃત્તિને શુદ્ધ વળાંક આપ-વાની શક્તિ ઉત્પન્ન થાય છે. અને વૃત્તિ પર ધીમે ધીમે જય પ્રાપ્ત થાય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સમયસુન્દરગણિકૃત સાત હરિયાળીઓ

લે૦ પ્રો. હીરાલાલ ર. કાપડિયા એમ. એ.

'ખરતર'ગચ્છના સમયસુન્દરગણિનાં જીવન અને કવનને અંગે અત્યાર સુધીમાં વિવિધ વિદ્વાનોએ ન્યૂનાધિક પ્રમાણમાં નિરૂપણ કર્યું છે. આની વિષય દીઠ એક સંપૂર્ણ સૂચી તૈયાર કરાવી તે પ્રસિદ્ધ કરાવવાનો સમય તો ક્યારનો યે પાકી ગયો છે. એટલે હાલ તુરત તો આ સંબંધમાં મારો જે નમ્ર ફાળો છે તે હું અહીં સંક્ષેપમાં સૂચવું છું:—

(૧) [૧]અષ્ટલક્ષાર્થી કિંવા અર્થરત્નાવલીનું સંપાદન, આ "દે. લા. જૈ. પુ." સંસ્થા તરફથી અન્ય કેટલીક કૃતિઓ સહિત ઈ. સ. ૧૯૩૩માં પ્રકાશિત કરાએલ છે. આ પ્રકાશનનું નામ અનેકાર્થરત્નમંજૂષા છે. આમાં મેં સમયસુન્દરગણિની ૪૩ કૃતિઓની નોંધ લીધી છે. આ કૃતિઓ પૈકી કેટલીક સંસ્કૃતમાં, એકાદ પાઇયમાં અને કેટલીક ગુજરાતીમાં રચાયેલી છે. વિશેષમાં અહીં મેં એમના શિષ્ય પરિવારનો પણ નિર્દેશ કર્યો છે.

(૨) મુંબઇ સરકારની માલિકીની અને "ભાંડારકર પ્રાચ્યવિદ્યા સંશોધન મંદિર"માં રખાયેલી એવી આ ગણિએ રચેલી નિમ્નલિખિત કૃતિઓની હાથપોથીઓનો મેં પરિચય આપ્યો છે:—

1. કલ્પલતા=પજ્જોસવણાકપ્પનીવૃત્તિ—DCGCM Vol.XVII, pt. 2, pp. 127–139

2. ચાતુર્માસિક પર્વ વ્યાખ્યાન પદ્ધતિ—DCGCM Vol. XVII, pt. 4, pp. 186–188

3. [૨]વીરચરિત્ર સ્તોત્રનીવૃત્તિ— DCGCM Vol. XIX, Sec. 1, pt. 2. pp. 103–107

4. શાન્તિનાથપદ—DCGCM Vol. XIX, Sec. 1, pt. 2. to 127

5. ચાર પ્રત્યેક બુદ્ધની ઢાલ—DCGCM Vol. XIX, Sec. 2, pt. 1, pp. 256-257

જૈન સંસ્કૃત સાહિત્યનો ઇતિહાસ-(ખંડ ૧, પૃ. ૧૫૮, ૧૭૯ અને ૨૮૩)માં મેં સમયસુન્દરગણિકૃત ત્રણ વૃત્તિઓનો ઉલ્લેખ કર્યો છે.[૧]

સમયસુન્દરકૃતિ કુસુમાંજલિમાં આ ગણિની વિવિધ કૃતિઓને સ્થાન અપાયું છે. તેમાં જે હરિયાળીઓ અને પ્રહેલિકાઓ છે તે હું હવે ક્રમસર મુદ્રિત સ્વરૂપે નોંધું છું:—

[૧]

"કહુ સખિ કવણુ કહી જઇ,
તુમકું અવધિ વરસ કી દી જઈ;
સુત હરિ વાચિ સબદ પ્રથમાક્ષર,
જાણુણી જાસ ભણી જઈ ક૦ ૧
આદિ વિના જલનિધિ નવિ દીસઇ,
મધ્ય વિના સલહી જઇ;
અંત વિના સબકું દુખકારી,
સબ મિલી નામ સુણી જઇ. ક૦ ૨
હરિ નોદર રનમાં સુરભી સિસુ,
દો મિલી ચિહ્ન ધરી જઇ;
સમયસુન્દર કહઇ અહનિશ જિનકે,
પદ પંકજ પ્રણમી જઇ." ક૦ ૩

૧ આ દ્વારા આ ગણિવર્યે "राजानो ददते सौख्यम" ના આઠથી દસ લાખ અર્થ દર્શાવ્યા છે. આવી જાતની અન્ય કોઈ કૃતિ હોય એમ જણાતું નથી.

૨ આને લક્ષીને મેં સમયસુન્દરગણિની સંસ્કૃત અને ગુજરાતી કૃતિઓનાં તેમજ એમણે રચેલી વૃત્તિઓનાં નામ દર્શાવ્યાં છે. જુઓ Vol. XIX, Sec. 1, pt. 2, pp. 103–104.

૧ આ પૈકી એક કૃતિ નામે વૃત્તિ નામે "શ્રીપાર્શ્વનાથગુપ્તાક્ષરચિત્રબન્ધસ્તવનમ્" પૃ. ૧૯૩–૧૯૪માં છપાવાઈ છે પરંતુ આ બંધને લગતું ચિત્ર અપાયું નથી અને એ કેવી રીતે આલેખવું તેનો મને અત્યારે તો ખ્યાલ આવતો નથી તો આ સંબંધમાં પ્રકાશ પાડવા તજ્જ્ઞોને સાદર વિજ્ઞપ્તિ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

આ હરિયાળી "શ્રીશીતલજિન ગીતમ્"ના શીર્ષક પૂર્વક પૃ. ૯૭માં અપાઈ છે, એને અંગે 'દેશાખ' રાગનો ઉલ્લેખ કરાયો છે.

ઉપર્યુક્ત હરિયાળીની બીજી કડી નિમ્નલિખિત પદ્યનું સ્મરણ કરાવે છેઃ—

" आद्येन हीनं जलधानदृष्टं
मध्येन हीनं भुवि वर्णनीयम् ।
अन्त्येन हीनं घुनुते शरीरं
तन्नामकं तीर्थपतिं नमामि ॥ "

[૨]

" સખિ! મેંઉ મોહનલાલ મિલાવઈ, સ૦
દધિ સુત બન્ધુ સામિ તસુ સોદર;
તાસુ નંદન સંતાવઈ. ૧ સ૦
વૃષપતિ સુતવાહન તસુ વાલિંભ,
મણ્ડને મોહિ ડરાવઇ;
અગનિ સખારિપુ તસુ રિપુ,
ખિણુ ખિણુ રવિ સુત શબ્દ સુણાવઈ. ૨ સ૦
હિમગિરિ તનયા સુત તસુ વાહન,
તાસ ભક્ષણ મોહિ ભાવઈ;
સમયસુંદર પ્રભુકું મિલિ રાજુલ,
નેમિ જિણંદ ગુણ ગાવઇ. ૩ સ૦ "

આ ૧૨૮મા પૃષ્ઠગત હરિયાળીનું શીર્ષક "શ્રી નેમિનાથ ગૂઢાગીતમ્" રખાયું છે. એના રાગ તરીકે 'આસાવરી'નો ઉલ્લેખ છે.

[૩]

" લાલણ કો લયું રી સખિ સમઝાઈ, લા૦
અગનિ ભખી પ્રિય જનક તણો સુત;
આણિ મિલાવો ભાઈ. લા૦ ૧
ઈસ ભૂષણુ ક્ષ ક્ષ સુત સામિ રિપુ
બંધુ પ્રીયા મંદિરા સાઇ, લા૦
ભોજન ઈન્દ્ર સહોદર સુત રિપુ
કંઠાભરણ સુહાઇ. લા૦ ૨
અભિમાની પંખી ભાષા ત્રિણુ
ખિણુ ઇક મેં ન રહાઇ, લા૦
રાજુલ નેમિ મિલે 'ઉજ્વલ'ગિરિ
સમયસુન્દર સુખદાઇ. લા૦ ૩ "

આ પૃ. ૧૩૦માં છપાયેલી હરિયાળીનું શીર્ષક "ગૂઢા ગીત" છે. એ માટે રાગનો નિર્દેશ નથી.

[૪]

" ગ્રહપતિ પુત્ર કતૂત કરઉ
દશમુખ બંધુ નિવાજક નારી,
અગ્નિ ધર્યૂંઉ ભૂધરઉ. ગ્ર૦ ૧
જ્યોતિષ જાણુ સહોદર નામે,
તસુ પક્ષ પિશુન ખરઉ;
તસુ પ્રિય રતિ આગલિ રતિ રવિ કઉ,
અધિક નિકઉ આદરઉ. ગ્ર૦ ૨
દધિતનયા પ્રિયુ લઘુ બાંધવ ચિત,
ચિંત વ્યઉ તે આદરઉ;
સમયસુન્દર કહઇ કત(?)ક ગલઈ જિમ,
તે લહિ તુરત તરઉ. ગ્ર૦ ૩"

આનું શીર્ષક નીચે મુજબ પૃ. ૪૫૪માં અપાયું છે–
"દાન–શીલ–તપ–ભાવના ગૂઢા ગીતમ્."
આના રાગ તરીકે 'ગૂંજરી'નો ઉલ્લેખ છે.

[૫]

" કહિ જ્યો પંડિત એહ હિયાલી,
તુમ્હે છઉ ચતુર વિચારી;
નારી એક ત્રણ અક્ષર નામે,
દીઠી નયર મઝારી રે. ક૦ ૧
મુખ અનેક પણ જીભ નહીં રે,
નરનારીસું રાચઇ;
ચરણ નહીં તે હાથે ચાલઈ,
નાટક પાખે નાચઇ રે. ક૦ ૨
અન્ન ખાય ઇ પાની નહીં પીયઈ,
તૃપ્તિ ન રાતિ દિહ્ડઇ;
પર ઉપગાર કરઇ પણિ [૧]પરતિખ,
અવગુણુ કોડિ દિખાડઇ. ક૦ ૩

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

અવધિ આઠ દિવસની આપી,
હિયઈ વિમાસી જોજયો;
સમયસુંદર કહઈ સમઝી લેજ્યો,
પણિ તે સરિખા મત હોજ્યો. ક૦ ૪"

આ પૃ. ૪૯૧માં છપાયેલી હરિયાળીનું તેમ જ એના પછીની બે હરિયાળીનું પણ શીર્ષક "હીયાલી ગીતમ્" છે. આ પૈકી પહેલા બેના રાગનો અહીં ઉલ્લેખ નથી, ત્રીજી માટે 'મિશ્ર'નો નિર્દેશ છે.

[૬]

" પંખિ એક વનિ ઊપનઉ,
આવ્યઉ નયર મઝાર;
આંખલડી અણિયાલડી જી હો,
દેખઇ નહિં ય લગાર. હ૦ ૧
હરિયાલી રે ચતુર નર હરિયાલી રે,
સુંદર નર જી હો કહિજો હિયઇ વિમાસિ;
સાચા પાંચ કારણ કહ્યા જી હો,
કહઇ તેહનઈ સાબાસિ. હ૦ ૨
ચાંચા સદા ચરતઉ રહઇ જી હો,
વમન કરઇ આહાર;
રાતિ દિવસ ભમતઉ રહઈ જી હો,
ન ચઢઈ નર વર બાર. હ૦ ૩
ભૂખઇ બોલઈ અતિ ઘણું જી હો,
બોલ્યું નવિ સમઝાય;
નારી સંઘાતઇ નેહ લઉ જી હો,
વિનુ અપરાધ બંધાય. હ૦ ૪
તે પણિ પંખી બાપડઉ જી હો,
પ્રમદા પાઞઉ પાસ;
સમયસુન્દર કહઇ તે ભણી જી હો,
નારી નઉ મ કરિસ્યઉ વિશ્વાસ. હ૦ ૫"

પૃ. ૪૯૧-૪૯૨માં આ છપાયેલી હરિયાલીગત 'વિશ્વાસ'ને અંગે 'બેસાસ' એવું ટિપ્પણ છે.

[૭]

" એક નારી વન માંહિ ઉપની,
આવી નયર મઝારિ;
પાતલડી રૂપક અતિ રૂયડી,
ચતુર લોક લેઈ ધારી રે. ૧
કહિજ્યો અરથ હિયાલી કેરઉ,
વહિલઉ હિયઈ વિમાસી;
વિનયવંત ગુણવંત તુમ્હારી,
નહિ તઉ થાસ્યઈ હાંસી રે. આં૦ ક૦
કાજ પિયારઇ દેહ કયાવઇ,
નયણ બિના અણિયાલી;
સામલ વરણ સદા મુખ સોહઇ,
જલ પીવઈ તૃષ ટાલી રે. ક૦ ૨
મુખિ નવિ બોલઇ મસ્તકિ ડોલઈ,
વચન શુભાશુભ ભાસ;
સાજણ દૂજણ પાસિ રમંતી,
દીઠી લીલ વિલાસ રે. ક૦ ૩
એ હીયાલી હિયઇ વિમાસી,
કહજ્યો ચતુર સુજાણ;
સમયસુન્દર કહઈ જેમ તુમ્હારુ,
કીજઇ ઘણું વખાણ. ક૦ ૪"

આ પૃ. ૪૯૨માં છપાયેલી હરિયાળીનું શીર્ષક "હીયાલી ગીતમ્" અપાયું છે અને એનો રાગ 'મિશ્ર' હોવાનો અહીં ઉલ્લેખ છે.

આમ મેં આ લેખમાં નિમ્નલિખિત પૃષ્ઠો ઉપર છપાવાયેલી સાત હરિયાળીઓ રજૂ કરી છે:—

૯૭, ૧૨૮, ૧૩૦, ૪૫૪, ૪૯૧, ૪૯૧-૪૯૨ અને ૪૯૨.

આ સાત હરિયાળીઓ પૈકી એકેનો ઉત્તર દર્શાવાયો નથી, જો કે પહેલી બેનો ઉત્તર એના શીર્ષકો ઉપરથી સૂચિત થાય છે. આ સાતેના ઉત્તર તેમ જ એ પ્રત્યેક ઉત્તરની પૂરેપૂરી સંગતિ દર્શાવવાનું કાર્ય હાલ તુરત તો હું મોકુફ રાખું છું કેમ કે એ સંબંધમાં વિશેષ વિચારણા કરવા માટે અત્યારે અવકાશ નથી. આથી આ સાતેના ઉત્તરો સમુચિત સંગતિપૂર્વક સુચવવા હું સહૃદય સાક્ષરોને વિનવું છું. અને તેમ કરનારાને અગાઉથી અભિનંદન આપું છું.

卐

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રી જૈન ધર્મ પ્રકાશ–પુસ્તક ૮૨ મું સં. ૨૦૨૨ના કાર્તિક માસથી આસો

વાર્ષિક અનુક્રમણિકા

પદ્ય વિભાગ

			પૃષ્ઠ
૧	નૂતન વર્ષ શુભાશીષ	(ભાસ્કરવિજય)	૧
૨	વીર પ્રભુની વાણી	(કવિ–સ્વ. સાહિત્યચંદ્ર બાલચંદ હીરાચંદ)	૧૩
૩	અજ્ઞાન કોણ	” ”	૨૫
૪	ગિરિશિખર ઝરણા	” ”	૩૭
૫	શ્રી ગોડીજી પાર્શ્વનાથના દેરાસરનું વર્ણન (સ્તવન)	(મુનિ ભાસ્કરવિજય)	૪૯
૬	શ્રી ગોડીજી પાર્શ્વનાથનું સ્તવન	(મુનિ ભાસ્કરવિજય)	૬૧
૭	દાદાસાહેબ મંડન શ્રી મહાવીરસ્વામીનું સ્તવન	(મુનિ ભાસ્કરવિજય)	૭૩

ગદ્ય વિભાગ

			પૃષ્ઠ
૧	નૂતન વર્ષાભિનંદન	(દીપચંદ જીવણલાલ શાહ)	૨
૨	શ્રી વર્ધમાન–મહાવીર : લેખાંક મણકો ૨ જો : લેખાંક ૧૧	(મૌક્તિક)	૪
૩	વિનય અને નિર્ભયતા	(લે. સ્વ. બાલચંદ હીરાચંદ માલેગામ)	૮
૪	શુભશીલ ગણિનો સંક્ષિપ્ત પરિચય	(પ્રો. હીરાલાલ ર. કાપડીયા એમ. એ.)	૧૧
૫	શ્રી વર્ધમાન મહાવીર : મણકો ૨ જો : લેખાંક ૧૨	(મૌક્તિક)	૧૪
૬	જિનદાસ ગણિ મહત્તર : જીવન અને કવન	(પ્રો. હીરાલાલ રસીકદાસ એમ. એ.)	૧૭
૮	સમકિત અંગે તાત્ત્વિક વિચારણા	(લે. ચત્રભુજ જેચંદ)	૨૨
૯	વાચક સાધુરંગ રચિત કર્મ વિચાર સાર પ્રકરણ	(શ્રી અગરચંદ નાહટા)	૨૫
૯	શ્રી વર્ધમાન–મહાવીર : મણકો ૨ જો : લેખાંક ૧૩	(મૌક્તિક)	૨૬
૧૦	ઘર ભણી પ્રયાસ	(લે. સ્વ. સાહિત્યચંદ્ર બાલચંદ હીરાચંદ–માલેગામ)	૨૯
૧૧	જિનદાસગણિ મહત્તર : જીવન અને કવન	(પ્રો. હીરાલાલ ર. કાપડીયા એમ.એ.)	૩૩
૧૨	શ્રીયુત બાલચંદ હીરાચંદ(માલેગામવાળા)ને મહારાષ્ટ્રના જૈન સમાજની શોકાંજલિ		૩૭
૧૩	શ્રી વર્ધમાન–મહાવીર : મણકો ૨ જો : લેખાંક ૧૪	લેખક સ્વ. મોતીચંદ ગીરધર કાપડીયા (મૌક્તિક)	૩૮
૧૪	અઢીસો વર્ષ ઉપરનું સુરત શહેર જિનાલયો અને ગૃહચૈત્યો	(લે. પ્રો. હીરાલાલ ર. કાપડીયા)	૪૨
૧૫	માનવતા અને દાનવતા	(સ્વ. સાહિત્યચંદ્ર બાલચંદ હીરાચંદ માલેગામ)	૪૪
૧૬	શ્રી સિદ્ધસેન દિવાકર (ચરિત્રની રૂપરેખા)	(લેખક પં. મહારાજશ્રી ધુરંધરવિજયજી ગણી)	૪૫

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

૧૭	પ. પૂ. ભદ્રબાહુસ્વામી મહારાજ–જૈન શાસનનો ચમકતો સિતારો (લે. બાળમુનિ)	૪૭
૧૮	આત્મસાધનાની અગત્ય (જૈન સિદ્ધાંતમાંથી થોડા ફેરફાર સાથે–તંત્રી)	૫૦
૧૯	શ્રી વર્ધમાન મહાવીર : મણકો ૨ જો : લેખાંક ૧૫ (સ્વ. મૌક્તિક)	૫૦
૨૦	પૂર્વધર શ્રી ઉમાસ્વાતિ મહારાજા (લેખક મુનિશ્રી રૂચકવિજયજી ભરૂચ)	૫૩
૨૧	વિદ્યમાન આગમને પુસ્તકારૂઢ કરનાર પૂર્વધર મહર્ષિ શ્રી દેવર્દ્ધિગણિ ક્ષમાશ્રમણજી મહારાજ (લેખક પન્યાસજી મહારાજ શ્રી સુશીલવિજયજી ગણી)	૫૫
૨૨	સુરતમાં જૈનો સંબંધી માહિતી ગ્રંથ (લે. પ્રો. હીરાલાલ ર. કાપડીયા એમ.એ)	૫૭
૨૩	સંઘવી જગજીવનદાસ પોપટલાલ (પંડીતજીની) જીવન ઝરમર	૫૯
૨૪	સ્વાધ્યાય (આત્મ શિલ્પમાંથી ફેરફાર સાથે)	૬૧
૨૫	જપયોગ : ૧ (દીપચંદ જીવણલાલ શાહ)	(ટા.પે.)
૨૬	શ્રી વર્ધમાન–મહાવીર : મણકો ૨ જો : લેખાંક ૧૬ (મૌક્તિક)	૬૨
૨૭	વિદ્યમાન આગમને પુસ્તકારૂઢ કરનાર પૂર્વધર મહર્ષિ શ્રી દેવર્દ્ધિગણિ ક્ષમાશ્રમણજી મહારાજ (લેખક પં. સુશીલવિજયજી ગણી)	૬૫
૨૮	ઉપમિતિ ભવપ્રપંચા કથાને અંગે (લે પ્રો. હીરાલાલ ર. કાપડીયા એમ.એ.)	૬૯
૨૯	પ્રાર્થના	૭૪
૩૦	શ્રી વર્ધમાન–મહાવીર : મણકો ૨ જો : લેખાંક ૧૭ (મૌક્તિક)	૭૪
૩૧	ઉવએસમાલા (ઉપદેશમાલા) રેખાદર્શન (લે. પ્રો. હીરાલાલ ર. કાપડીઆ)	૭૮
૩૨	જપ માટે મંત્રો : ૨ (લેખક–દીપચંદ જીવણલાલ શાહ)	૮૩
૩૩	સમાલોચના (ટા. બીજા ઉપર)	૭૨
૩૪	શ્રી વર્ધમાન–મહાવીર : મણકો ૨ જો : લેખાંક ૧૮ (સ્વ. મૌક્તિક)	૮૫
૩૫	જપ માટેના મંત્રો : ૩ (લેખક–દીપચંદ જીવણલાલ શાહ)	૮૮
૩૬	ઉવએસમાલા (ઉપદેશમાલા) રેખાદર્શન (લે. પ્રો. હીરાલાલ ર. કાપડીયા)	૯૨
૩૭	શ્રી હરિભદ્રસૂરીશ્વરજી મહારાજનું જીવન અને સર્જન (લેખક–મુનિશ્રી ભદ્રગુપ્તવિજયજી)	૯૩
૩૮	સંવત ૨૦૧૯–૨૦૨૦નું સરવૈયું	૯૮
૩૯	શ્રી વર્ધમાન–મહાવીર : મણકો ૨ જો : લેખાંક ૧૯ (સ્વ. મૌક્તિક)	૧૦૩
૪૦	જપ માટેના મંત્રો : ૪ (લેખક–દીપચંદ જીવણલાલ શાહ)	૧૦૬
૪૧	સમયસુન્દરગણિ કૃત સાત હરિયાળીઓ (લે. હીરાલાલ ર. કાપડીયા એમ.એ.)	૧૧૦

જેની ઘણા સમયથી રાહ જોતા હતા તે પુસ્તક તૈયાર થઇ ગયું છે—

શ્રી વિજયલક્ષ્મીસૂરિ વિરચિત

શ્રી ઉપદેશપ્રાસાદ ભાષાંતર : ભાગ ૨ જો

ઉપરોક્ત ગ્રંથ ગુજરાતી લીપીમાં કલકત્તાના અમુક ભાવિક સદ્‌ગૃહસ્થ તરફથી મળેલ સહાયથી છપાવવાનું શરૂ કરેલ છે. પાના ૩૦૪–ફોર્મ ૩૮. બહુ થોડી નકલો હોવાથી તુરતજ મંગાવી લેશો. બુકની કિંમત રૂા. પાંચ. પોસ્ટેજ રૂા. ૨). લખો:—**શ્રી જૈન ધર્મ પ્રસારક સભા–ભાવનગર.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

(ટાઇટલ પેજ ૪ થી ચાલુ)

આ ગ્રંથને સુંદર અને સુશોભિત કરવામાં આવેલ છે. શિલ્પશાસ્ત્રના અભ્યાસીઓએ આ ગ્રંથ વાંચવા લાયક છે.

૩. **જૈન ઈતિહાસની ઝલક**—(શ્રી જગમોહનદાસ દ્વારા સ્મારક પુસ્તકમાળા ૮. લેખક:– પદ્મશ્રી મુનિ જિનવિજયજી પુરાતત્ત્વાચાર્ય સંપાદક: રતિલાલ દીપચંદ દેશાઈ: કિંમત રૂા. ૨. પ્રાપ્તિસ્થાન: ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલય ગાંધીરોડ, અમદાવાદ. પ્રકાશક: અશોક કાંતિલાલ દ્વારા ૪૮. ગોવાલિયા ટેંકરોડ, મુંબઈ–૨૬.

પૂજ્ય મુનિશ્રી જિનવિજયજીના ઐતિહાસિક અને સાહિત્યિક લખાણોમાંથી સંક્ષિપ્ત કરેલા લેખો આ પુસ્તકમાં આપવામાં આવેલ છે અને દરેક લેખને અંતે એ લેખનું મૂળ સ્થળ અને સાલ વગેરે સૂચવવામાં આવેલ છે. તેથી પૂજ્ય મુનિશ્રી જીવનભરની જ્ઞાનોપાસનાની અલ્પ પ્રસાદીરૂપે આ પુસ્તક પ્રગટ કરવામાં આવેલ છે. આ રીતે મુનિશ્રીના વ્યાપક જ્ઞાનના નમુનાઓ જિજ્ઞાસુ સમક્ષ રજુ કરવામાં આવેલ છે.

ઇતિહાસ એ ભૂતકાળની સત્ય આરસી છે. મુનિશ્રીની વિદ્યાતપસ્યાએ એ આરસીને તેજસ્વી બનાવીને વિદ્યાપ્રેમીઓ અને વિદ્વાનોને ઓશિંગણ બનાવ્યા છે. મુનિશ્રી ઇતિહાસનું આલેખન શુષ્ક હકીકતો આપીને નહીં પણ એમાં કવિની સંવેદનશીલતાનું માધુર્ય ઉમેરીને કરે છે, એ એમની હૃદયસ્પર્શી વિશેષતા છે. આ પુસ્તકમાં જૈન ઈતિહાસ, જૈનધર્મ અને તેના પ્રભાવિક પુરૂષોનો પરિચય આપવામાં આવેલ છે. તેથી જૈન અથવા જૈનેતર જીજ્ઞાસુને આ પુસ્તકનું વાંચન ઉપયોગી થશે.

૪. **શ્રી મહેન્દ્ર જૈન પંચાંગ** વર્ષ ૩૨ મું વિક્રમ સંવત ૨૦૨૩ ના કાર્તિકથી સં. ૨૦૨૪ ના ફાગણ સુધી ઈ. સન ૧૯૬૬–૬૭–૬૮. કિંમત રૂા. ૧–૨૫. કર્તા: આચાર્ય વિજયવિકાસચંદ્રસુરિ. પ્રકાશક શંભુલાલ જગસીભાઇ શાહ, ગુર્જર ગ્રંથ રત્ન કાર્યાલય, ગાંધીરોડ, અમદાવાદ.

આ પંચાગમાં તિથિ વગેરેનું ગણિત આચાર્ય શ્રી મહેન્દ્રસૂરિજી મહારાજના યંત્રરાજ ગ્રંથમાં બતાવેલ પદ્ધતિ પ્રમાણે કરેલ હોવાથી આ પંચાંગનું નામ શ્રી મહેન્દ્ર જૈન પંચાંગ રાખેલ છે. આ આખું પંચાંગ ઘડીપળને બદલે કલાક મીનીટમાં આપેલ છે. પંચાંગમાં સ્ટાન્ડર્ડ ટાઇમ આપવામાં આવેલ છે. દૈનિક સ્પષ્ટ ગ્રહો, કાંતિ તથા લગ્નો સહિત સૌથી સૂક્ષ્મ ગણિતવાળુ આ પંચાંગ છે તેથી જનતાને આ પંચાંગ બહુ ઉપયોગી થશે.

સભાના વાર્ષિક સભાસદો અને માસિકના ગ્રાહક બંધુઓને

નમ્ર વિનંતિ

તા. ૨–૧૦–૬૬ ના રોજ સભાની સામાન્ય સભાએ એમ ઠરાવ કર્યો કે હવેથી માસિકનું લવાજમ (૩–૨૫ પોસ્ટેજ સહિત) દર વર્ષે લેવું અને તે લવાજમ દર વર્ષનાં કારતક માસમાં લેવું. કાગળ અને છપામણીની અસહ્ય મોંઘવારીને લીધે હવેથી દર બે વર્ષે આપવામાં આવતું ભેટનું પુસ્તક સહાય મળશે તો જ આપવામાં આવશે. વાર્ષિક સભાસદોને અને માસિકના ગ્રાહક બંધુઓને ખાસ વિનંતી છે કે તેઓ સભાના સભાસદો અને ગ્રાહકો તરીકે ચાલુ રહેશે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Reg. No. G 50

समालोचना

૧. શ્રી યશોવિજય જૈન ગ્રંથમાલા—સ્મરણિકા (સોવેનિયર) વિ. સં. ૨૦૨૨ સને ૧૯૬૬ પ્રકાશક શ્રી યશોવિજય જૈન ગ્રંથમાલા, ગાંધીચોક, ભાવનગર.

આ "સોવેનિયર"ની વિશિષ્ટતા એ છે કે આ સોવેનિયર જાહેરખબરોથી છલકાતો દળદાર અંક નથી. તેમાં જાહેરખબરોની સાથે સાદી, સચોટ ને સંક્ષિપ્ત શૈલીમાં લખાયેલી લગભગ સાઠ જેટલી ધર્મકથાઓ અને બોધકથાઓ છે, તે ઉપરાંત અમુક વ્યક્તિઓના પરિચયો અને અમુક સંસ્થાઓની માહિતી રસભરી રીતે આપવામાં આવેલ છે. તેથી જાહેર ખબર વિભાગ દુન્યવી વસ્તુઓની જાહેરાત કરતો નથી પણ પારલૌકિક સુંદર ગુણનિધિ તરફ નિર્દેશ કરે છે.

આ સોવેનિવરમાં આપણી જ્ઞાનપરંપરાની પ્રતીકરૂપ પટ્ટીમાં ભગવાન મહાવીર, મહાજ્ઞાની ગૌતમસ્વામી, કલિકાલ સર્વજ્ઞ હેમચંદ્રાચાર્ય, ઉપાધ્યાય યશોવિજયજી, સંસ્થાના સ્થાપક શ્રી વિજયધર્મ-સૂરીશ્વરજી, શાંતમૂર્તિ શ્રી જયંતવિજયજી અને મુનિ વિશાલવિજયજીને રેખાચિત્રમાં આલેખ્યા છે. આ, સ્મરણિકામાં ઉંચા આર્ટપેપર પર સુંદર શાહીમાં છાપેલી ત્રીશેક આર્ટપ્લેટોવાળુ આલ્બમ આપેલ છે તેમાં સંસ્થાની નિકટવર્તી વ્યક્તિઓના અને સમારંભના ચિત્રો આપેલા હોવાથી સ્મરણિકાને પ્રેક્ષણીય બનાવેલ છે. આ સોવેનિયરમાં મુનિશ્રી ચિત્રભાનુએ ઉપદેશેલ બોધવચન સરસ છે.

"ખાના, પીના, સોવના, મિલના, વચનવિલાસ;
જ્યોં જ્યોં પાંચ ઘટાડીએ, ત્યોં ત્યોં ધ્યાન પ્રકાશ."

આ પાંચ વસ્તુ ઓછી થાય તો અંતરની જ્યોતિ જામે, ધ્યાન પ્રકાશ લાધે અને આત્મજાગૃતિ થાય. અત્યારે વાંચન કરતાં ચિંતન અને મનનની બહુ જરૂર છે. આ સોવેનિયરમાં લગભગ સાઠ જેટલી ધર્મકથાઓ અને બોધકથાઓ સંક્ષિપ્તમાં આપેલ છે, તેમના પર સંસારી જીવો ચિંતન અને મનન કરશે તો તેમને જરૂર લાભ થશે તેથી આ સ્મરણિકાના પ્રકાશકોને મારા હાર્દિક અભિનંદન આપું છું.

૨. सूत्रधार 'मंडन' विरचित प्रासाद मंडन (વાસ્તુ શિલ્પશાસ્ત્ર—ગુજરાતી ભાષાંતર સહિત) અનુવાદક અને સંપાદક:—પંડિત ભગવાનદાસ જૈન મૂલ્ય રૂા. ૧૬ પ્રાપ્તિસ્થાન બી એસ શર્મા B. S. C., વિશારદ, મોતીસિંહ ભોમીયાનો રસ્તો, યતિ શ્યામલાલજીનો ઉપાશ્રય જયપુર સીટી. (રાજસ્થાન)

પ્રાસાદ મંડન ગ્રંથ શિલ્પીવર્ગમાં પ્રસિદ્ધ છે. જેના આધારે સોમપુરા બ્રાહ્મણ જ્ઞાતીય શિલ્પીઓ દેવાલય બાંધવાના કાર્યો વંશપરંપરાથી કરતાં આવ્યા છે. નાગનીશૈલીના પ્રાસાદો બાંધવા સંબંધનો આ પ્રાસાદ મંડન ગ્રંથ તેના ગુણદોષ વિષયમાં પ્રકાશ પાડતો હોવાથી તેનું વિગતવાર સમજૂતીપૂર્વક ગુજરાતી ભાષાંતર કરી તેને પ્રકાશિત કરેલ છે.

આ ગ્રંથના આઠ અધ્યાયો છે. મંદિરોના નકશાઓ (Plans) અને મંદિરોના ફોટાઓ આપીને

(અનુસંધાન ટાઇટલ પેજ ૩ ઉપર)

પ્રકાશક : દીપચંદ જીવણલાલ શાહ, શ્રી જૈન ધર્મ પ્રસારક સભા—ભાવનગર
મુદ્રક : ગીરધરલાલ ફુલચંદ શાહ, સાધના મુદ્રણાલય—ભાવનગર

For Private And Personal Use Only